પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯૩ | ૧૩ જુન, ૨૦૧૯, ગુરૂવાર; જયેષ્ઠ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગુજરાતનો દરિયો ગાંડોતુર



## હવે, 'વાયુ' આજે બપોરે ત્રાટકશે : વેરાવળ અને દ્વારકા વચ્ચે ટકરાશે

**સૌરાષ્ટ્રના તમામ બંદરો પર ૯ નંબરનું સિગ્નલ અપાયું : વાવાઝોડું રાજ્યના દરિયાકાંઠે ૧૬૫ કિમીની ઝડપે વેરાવળ અને દ્વારકા પર ત્રાટકશે : દરિયાકાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાંથી ત્રણ લાખ લોકોનું સ્થળાંતર કરાયું : આર્મી, એનડીઆરએફ, બીએસએફના જવાનોએ મોરચો સંભાળ્યો : રાજ્યભરમાં એનડીઆરએફની કુલ ૩૬ ટીમ તૈયાર : ૧૫મીએ દ્વારકાના દરિયામાં સમાઈ જશે : વેરાવળથી દીવની પટ્ટી પર સૌથી વધુ ખરાબ અસર થશે : 'વાયુ'નો પ્રકોપ ૪૮ કલાક વેરશે 'વિનાશ' : ૬૦ લાખ લોકોને અસર થશે**

અમદાવાદ,તા.૧૨

અરબી દરિયાથી ગુજરાતની તરફ પ્રચંડ ચક્રવાત વાયુ વાવાઝોડુ ગુજરાત તરફ તેજી સાથે વધી રહ્યું છે. તેની પ્રચંડ અસર પણ દેખાવવા લાગી ગઈ છે. આવતીકાલે બપોર સુધી પ્રચંડ તીવ્રતા સાથે વાયુ વાવાઝોડુ ત્રાટકશે. ગુજરાત સરકાર અને ગુજરાત વહીવટીતંત્ર કુદરતી હોનારતમાં કોઈ નુકસાન ન થાય તેને લઈને સંપૂર્ણપણે સજ્જ છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. ત્રણ લાખથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવી ચુક્યું છે. સ્થળાંતર પ્રક્રિયા હજુ પણ ચાલી રહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં આ વાવાઝોડુ ત્રાટકનાર છે. જેના લીધે આસપાસના વિસ્તારોમાં નુકસાનની પણ શક્યતા છે. પ્રાપ્ત માહિતી મુજબ ચક્રવાતી તોફાન આવતીકાલે સવારથી લઈને બપોર સુધીના ગાળામાં પોરબંદર અને કચ્છ, વેરાવળના બદલે પોરબંદરના દરિયાકાંઠે ત્રાટકી શકે છે. દરિયામાં ઉંચા મોજા ઉછળી

● અનુસંધાન પાન-૭ પર

## સૌરાષ્ટ્ર-કચ્છની તમામ ફ્લાઈટો અને ટ્રેનો રદ કરાઈ

ગુજરાતના દરિયાકાંઠે ત્રાટકનારા વાયુ વાવાઝોડાના કારણે હવાઈ અને રેલ માર્ગને પણ ગંભીર અસર પહોંચી છે. સુરક્ષાના ભાગરૂપે સૌરાષ્ટ્ર અને કચ્છ જતી ફ્લાઈટોને રદ કરી દેવામાં આવી છે. અમદાવાદથી પોરબંદર, દીવ, કંડલા, મુંદ્રા અને ભાવનગર જતી તમામ ફ્લાઈટોને આવતીકાલ માટે કેન્સલ કરી દેવામાં આવી છે. તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ તરફ જતી ટ્રેનોને પણ કેન્સલ કરવામાં આવી છે. આ ઉપરાંત લોકોના સ્થળાંતર માટે અને રાહતસામગ્રી અને જરૂરી મશીનરી પહોંચાડવા માટે પણ ખાસ ટ્રેનની સુવિધા ઉભી કરવામાં આવી રહી છે. વાવાઝોડાની તીવ્રતાને જોઈને સૌરાષ્ટ્ર તરફ જતી અનેક ટ્રેનોને રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૯ જેટલી ટ્રેનોને રદ કરી દેવામાં આવી છે. ચક્રવાતની ચેતવણીને ધ્યાનમાં રાખીને, ટ્રેન મુસાફરો માટે વિવિધ સલામતી અને સલામતીની સાવચેતી પશ્ચિમ રેલવે દ્વારા વેરાવળ, ઓખા, પોરબંદર, ભાવનગર, ભુજ અને ગાંધીધામ તરફની તમામ પેસેન્જર અને મેઈલ-એક્સપ્રેસ ટ્રેનો રદ કરવામાં આવી છે.

## દક્ષિણ ગુજરાતમાં વીજળી અને ઝાડ પડતા છનાં મોત

ડાંગ,તા.૧૨

ગુજરાતના દરિયાકાંઠે ટકરાવા જઈ રહેલા 'વાયુ' વાવાઝોડાએ હવે પ્રચંડ સ્વરૂપ ધારણ કર્યું છે. બુધવારે સવારે આ વાવાઝોડું વેરાવળથી ૪૨૦ કિલોમીટર દૂર હતું. વાવાઝોડું હવે સિવિયર બન્યું છે ત્યારે તે ગુજરાત સાથે ટકરાશે ત્યારે પવનની ઝડપ ૧૪૦થી ૧૫૦ કિલોમીટરની હશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાઓમાં વાવાઝોડાની અસર પહોંચશે. વાવાઝોડા પહેલા મંગળવારે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. આ દરમિયાન વીજળી અને ઝાડ પડતાં છ લોકોનાં મોત થયા છે.

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ત્રણ ગામમાં વીજળી પડતાં બે લોકોનાં મોત થયા છે, જ્યારે બે લોકો ઘાયલ થયા છે. ગંગાપુર, પાંચઉમર અને નવાગામમાં વીજળી પડી હતી. ઘાયલોને ડેડીયાપાડા આરોગ્યકેન્દ્ર અને રાજપીપળા સિવિલમાં ખસેડવામાં આવ્યા છે.

ડાંગના સુબિર તાલુકામાં વીજળી પડતા

● અનુસંધાન પાન-૭ પર

## ગીર-સોમનાથના કાંઠાના ગામમાં ધોધમાર વરસાદ

ગીર-સોમનાથ,તા.૧૨

વાયુ વાવાઝોડાના આગમાનની અસર દરિયાકાંઠાના વિસ્તારોમાં દેખાવાની શરૂ થઈ ગઈ છે. જેના અનુસંધાને ગીર-સોમનાથ જિલ્લામાં વરસાદ શરૂ થયો છે. સવારે નવ વાગ્યે અહીં અંધારપટ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો.

સિંબર ગામ દરિયાની નજીક આવેલું છે. અહીં સવારે ૯ વાગ્યાની આસપાસ ધોધમાર વરસાદ શરૂ થયો હતો. ચારેતરફ કાળાડિંબાગ વાદળો છવાયા હતા. વરસાદ શરૂ થતાં દિવસે અંધારપટ છવાયો હતો.

## ન્યુઝ ટ્રેક

### નીરવ મોદીની જામીન અરજી ફગાવાઈ

૧૩,૭૦૦ કરોડ રૂપિયાના પીએનબી ગોટાળાના આરોપી નીરવ મોદીની જામીન અરજી યુકે હાઈકોર્ટે ફગાવી દીધી છે. નીરવની અરજી પર મંગળવારે સુનવણી થઈ હતી. સતત ત્રીજીવાર જામીન અરજી ફગાવાઈ છે.

### સ્પાઈસ જેટના વિમાનનુ ટાયર ફાટ્યુ

રાજસ્થાનના જયપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મોટી દુર્ઘટના ટળી છે. દુબઈથી આવી રહેલી સ્પાઈસ જેટની ફ્લાઈટનું ટાયર હવામાં જ ફાટ્યુ હતુ. ત્યારબાદ તેનુ જયપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યુ હતુ.

### અનંતનાગમાં સીઆરપીએફ પર હુમલો

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં આતંકીઓએ પોલીસ પાર્ટી અને સીઆરપીએફ ટીમ પર હુમલો કર્યો હતો. જેમાં ત્રણ જવાન શહીદ થયા છે. સાથે જ એક પોલીસ અધિકારી સહિત ચાર ઘાયલ થયા છે. જવાબી કાર્યવાહીમાં એક આતંકી પણ ઠાર મરાયો છે.

### ભાજપ સંસદીય કાર્યકારી સમિતિનુ ગઠન

ભારતીય જનતા પાર્ટી સંસદીય દળની કાર્યકારી સમિતિનું ગઠન થયુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાર્ટી નેતા રહેશે જ્યારે રક્ષામંત્રી રાજનાથસિંહને લોકસભામાં ઉપનેતાની જવાબદારી સોંપાઈ છે. બીજી તરફ રાજ્યસભામાં થાવરચંદ ગહલોતને પાર્ટીના નેતા અને પીયૂષ ગોયલને ઉપનેતા નિયુક્ત કરાયા છે.

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

## વાવાઝોડું ૪૮ કલાક સૌરાષ્ટ્ર કાંઠાને ધમરોળશે

**આજે બપોરે ૧૬૫ કિમીની ઝડપથી વાવાઝોડું ત્રાટકવાની સંભાવના : સૌરાષ્ટ્રવાસીઓમાં ચિંતા અને ભયનો માહોલ : ૧૫-૧૬ સુધીમાં દ્વારકાના દરિયામાં સમાઈ જશે**

અમદાવાદ,તા. ૧૨

ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છમાં વાયુ વાવાઝોડાને લઈ ભારે ચિંતા અને ભયનો માહોલ પ્રવર્તી રહ્યા છે ત્યારે આ વાયુ વાવાઝોડું આવતીકાલે તા.૧૩ જૂને બપોર સુધી દીવ, ઉના અને કોડિનારથી ૧૬૫થી ૧૭૦ કિમીની ઝડપે ત્રાટકે તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે. આ વાયુ વાવાઝોડું દીવ, માંગરોળ, પોરબંદર અને દ્વારકા સહિતના વિસ્તારોને લગભગ ૪૮ કલાક સુધી ધમરોળશે અને આ ગણતરીના કલાકોમાં તેની અસર કરીને તા.૧૫મીએ વહેલી સવારે ત્રણ વાગ્યાની આસપાસ દ્વારકાથી વાવાઝોડું દરિયા તરફ જશે અને તા.૧૬મીએ સાંજ સુધીમાં સમુદ્રમાં આ વાવાઝોડું શમી જશે. વાયુ વાવાઝોડાની અસર સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં ગંભીર અસર અને ભારે વિનાશ વેરી શકે તેવી પણ દહેશત વ્યક્ત થઈ રહી છે ત્યારે રાજ્ય સરકાર, તંત્ર અને સુરક્ષા એજન્સીઓ એકદમ હાઈએલર્ટ પર છે અને તમામ તૈયારીઓ કરી રખાઈ છે. દીવ, પોરબંદર, ઉના, સોમનાથ, જાફરાબાદ સહિતના દરિયાકાંઠા વિસ્તારોમાં અગમચેતી અને સુરક્ષાના ભાગરૂપે તંત્ર અને પોલીસ દ્વારા નાગરિકોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવી દેવાયો હતો. અરબી સમુદ્રમાં વેરાવળથી ૩૪૦ કિમી દૂર વાયુ વાવાઝોડું ગુજરાતના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે. બપોરે ૧૨ વાગ્યાની સ્થિતિએ આ વાવાઝોડું ગુજરાતમાં સૌ પ્રથમ આવતીકાલે તા.૧૩ જૂને બપોર સુધી પોરબંદરમાં ત્રાટકશે. ૧૬૫થી ૧૭૦ કિમીની ઝડપે દીવ, ઉના, વણાકબારા, કોડિનાર, ગીર-સોમનાથ, તાલાલા, પીપાવાવમાં પ્રવેશ કરશે. સવારે ૮.૦૦ વાગ્યા સુધીમાં વેરાવળ, માંગરોળ અને માળિયામાં ત્રાટકશે.

● અનુસંધાન પાન-૭ પર

## વાયુ વાવાઝોડાના પગલે વડાપ્રધાને ટ્વિટ કર્યુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, કેન્દ્ર સરકાર વાયુ વાવાઝોડા પર ઝીણવટભરી નજર રાખી રહી છે. હું રાજ્ય સરકારો સાથે સતત સંપર્કમાં છું. એનડીઆરએફ તથા અન્ય એજન્સીઓ ખડેપગે જરૂરી મદદ પૂરી પાડી રહી છે.

પીએમ મોદીએ બીજા ટ્વિટમાં કહ્યું કે, વાયુ વાવાઝોડાના અસરગ્રસ્તોની સુરક્ષા માટે પ્રાર્થના કરું છું. સરકાર તથા સ્થાનિક એજન્સીઓ પળેપળના અહેવાલ આપી રહી છે. ગુજરાતમાં આપત્તિ સમયે કેન્દ્ર સરકાર પડખે રહેશે. જરૂરી તમામ સહાયના આદેશ અપાયા છે.




